# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ

| લોક દરબાર તારીખ : ૦૩.૦૪.૨૦૧૬ રવિવાર | સ્થળ : મામલતદારશ્રીની કચેરી, તાલુકા સેવા સદન, બોટાદ | સમય : ૧૫.૦૦ કલાકે | તાલુકો : બોટાદ |
|---|---|---|---|

તા.૦૩.૦૪.૨૦૧૬ ના રોજ બોટાદ મૂકામે સરકારશ્રી દ્વારા યોજાનારા "લોક સંવાદ સેતુ - લોક દરબાર" અંતર્ગત રજુ થયેલ પ્રશ્ન/રજુઆતની વિગતો:

| પ્રશ્ન નંબર | અરજદારશ્રી નું નામ | પ્રશ્નની ટુંકી વિગત | અમલીકરણ અધિકારી / ખાતાના વડાશ્રીનો પ્રશ્ન નિકાલ અંગેનો જવાબ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૦૧ | શ્રીમતી મંજુબેન રત્નાભાઈ વસોયા | ખોટી રીતે લાઈટ બિલ માં આપેલ દંડ માફ કરવા બાબત | પી.જી.વિ.સી.એલ, બોટાદ શહેર પેટા વિભાગ ન – ૨ નાં વિસ્તાર માં તા. ૧૬/૦૮/૨૦૧૩ ના રોજ વીજ ચેકીંગ હાથ ધરાતા, હનુમંત પૂરી, તુરખા રોડ મુકામે ઘર વપરાશ માટે નું વિજ જોડાણ ધરાવતા શ્રીમતી મંજુબેન રત્નાભાઈ વસોયા કે જેનો ગ્રાહક ન – ૮૫૮૦૨/૦૪૩૯૩/૮ છે. સદર ગ્રાહક ના વીજ જોડાણ માં વીજ ચેકીંગ સમયે વીજળી અધિનિયમ ની કલમ ૧૨૬ હેઠળ ની ગેરરીતી માલુમ પડતા ચેકીંગ શીટ નંબર – ૨૯૩૦૫ તા, ૧૬/૦૮/૨૦૧૩ ના રોજ સદર ગ્રાહક ને પત્ર ન ૪૯૨૨ થી તા.૨૨/૮/૨૦૧૩ ના રોજ વીજળી અધિનિયમ ની કલમ ૧૨૬ હેઠળ નું પૂરવણી બિલ રૂ.૧૧૭૨૪.૮૩ નું આપવામાં આવેલ હતું. તદ્ ઉપરાંત વીજ અધીનિયમ -૨૦૦૩ની કલમ-૧૨૬ ની જોગવાઇ મુજબ અરજદારે દિવસ-૭ ની અંદર વાંધા અરજી આપેલ ન હતી. પરંતુ ન્યાયના હિતમાં અરજદાર ને એક અંતીમ તક આપી સદર કેસના બીલના હીયરીંગ માટેની જાણ પત્ર ન ૧૮૧૪ તા.૧૨.૦૪.૨૦૧૬ થી કરેલ છે તદુપરાંત અધીક્ષક ઇજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી બોટાદ દ્વારા અરજદારને રૂબરૂ સાંભળી બીલ ના હિયરીંગ માટે લેખિતમાં અરજી આપવા જણાવેલ. પરંતુ અગમ્ય કારણોસર અરજદાર દ્વારા આજદિન સુધી બીલ ના હિયરીંગ માટે લેખિતમાં અરજી આપવામાં આવેલ ન હોવાથી સદર પ્રશ્નનો ઉકેલ લાવી શકાયેલ નથી. | નિકાલ |